ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજકેટની પરીક્ષા મે મહીનામાં યોજાશે

## ઓનલાઈન નોંધણી ફરજિયાત : ૩૧ માર્ચથી ૧૫ એપ્રિલ સુધીમાં ઉમેદવારોના ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી દેવા સૂચના

ગાંધીનગર, તા. ૨૫

મેડીકલક્ષેત્રે કારકિર્દી ઘડવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે આગામી મે મહીનામાં ગુજકેટની પરીક્ષા લેવાશે. ગુજરાત કોમન સેન્ટ્રલ ટેસ્ટના સમિટ દ્વારા આ અંગે પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જેમાં આગામી તા. ૧૫ એપ્રિલ સુધીમાં શાળાઓના સંચાલકોને વિદ્યાર્થીઓની ઓનલાઈન નોંધણી કરાવી દેવા જણાવાયું છે.

મેડીકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા આપવી ફરજિયાત છે. ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ સેલના સચિવ દ્વારા આગામી મે મહિનામાં લેવાનારી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જે અન્વયે વિવિધ શાળાઓના સંચાલકોને આગામી તા. ૩૧ માર્ચથી ૧૫ એપ્રિલ સુધી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો સંપર્ક કરી પરીક્ષાર્થી દીઠ રૂ. ૨૮૦નો ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી દેવા જણાવાયું છે. જેની સામે ઉપલબ્ધ ઘણી માહિતી પુસ્તિકાના આધારે પીનનંબર અને યુઝર આઈ.ડી. આપવામાં આવશે. જેના દ્વારા WWW.GSEB.ORG સાઈટ પર લોગઈન કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે. જેમાં ઉમેદવારનો ફોટો, સહી ઈ.મેઈલ આઈ.ડી. મોબાઈલ સહીતની વિગતો દર્શાવવાની રહેશે. ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત હોવાનું પણ જણાવાયું છે.

## ઓનલાઈન શોપીંગમાં રાજકીય રંગ

# આપ ટી-શર્ટ, મોદી વૉચ, રાહુલ શર્ટનું ધુમ વેચાણ

ગાંધીનગર, તા. ૨૫

દેશમાં સામાન્ય ચૂંટણીઓનો રંગ જામી રહ્યો છે. વિવિધ પક્ષોના પ્રતિક, ખેસ, ટોપીનું વેચાણ વધ્યુછે. લોકપ્રિય ઝાડુ પણ ઓનલાઈન મળી રહે છે. ટ્રેડર્સ ડોટ કોમે ગત ફેબ્રુઆરીમાં દિલ્હી વિધાનસભાની ચૂંટણી પૂર્વે ઝાડુ લોન્ચ કર્યો હતો. તે ચપોચપ વેચાઈ ગયો હતો. તેથી








ઓનલાઈન શોપીંગમાં રાજકીય રંગ જોવા મળી રહ્યો છે. ઓનલાઈન શોપીંગમાં રાજકીય પ્રચારની સામગ્રી સૌથી વધુ અનોખી અને સસ્તી મળી રહે છે.

ફલીપકાર્ટ સહિતની અનેક નામી ઈ-કોમર્સ કંપનીઓ પણ હવે ચૂંટણીની વહેતી ગંગામાં કમાણી કરી લેવા માંગે છે. કોંગ્રેસ-ભાજપ-આપ આદમી પાર્ટી - સમાજવાદી પક્ષ અને બહુજન સમાજવાદી ઉપરાંત એનસીપી જેવા પક્ષની પ્રચાર સામગ્રી પણ અહીં મળે છે. રાહુલ ગાંધીના કાર્ટુન-તસ્વીર સાથેના ટી શર્ટ, મગ, આમ આદમી પાર્ટીની સોલ્ડર બેગ તથા ઘડીયાળ-મોદીની તસ્વીરો સાથેનું લેપટોપ-મોબાઈલ કવર અને 'આપ'નું હવે દરેક ઈ-કોમર્સ વેબપોર્ટલ ઝાડુ વેચે છે. આપના ટી-શર્ટ અને ટોપીની પણ ખુબ ડીમાન્ડ છે. નમો સ્ટાઈલની કાર્ટુન બુક પણ મળે છે. રાજકીય પક્ષો અને નેતાઓ જો કે આ પ્રોડકટ સાથે કંઈ લાગતુ વળગતુ હોવાનો ઈન્કાર કરે છે. તેઓનું કહેવું છે કે કંપનીઓ પોતાની રીતે જ આ તમામ ચીજો બનાવીને વેચે છે અને નફો કમાય છે. અનેક વખત રાજકીય પક્ષો જથ્થાબંધ ખરીદીની ડીલ કરે છે. ખાસ કરીને પૈસાપાત્ર ઉમેદવારો આ પ્રમાણે ખરીદી કરે છે અને તેમના ટેકેદારોને આપે છે. જેથી તેઓ ખુશ રહે. ઘણીવાર ટેકેદારો તેમની લાગણી દર્શાવવા પણ આ પ્રકારની ખરીદી કરે છે.

# પાણીના પ્રશ્ને બોરીજની મહીલાઓએ પાટનગર યોજનામાં હોબાળો મચાવ્યો!

## રબારી અને રાવળવાસમાં પાણીની પોકાર ડામવા તંત્ર ટૂંકમાં સમસ્યાનું નિરાકરણ લાવશે



ગાંધીનગર, તા. ૨૫

શહેરી વિસ્તારમાં સ્થિત બોરીજ ગામમાં રબારી અને રાવળવાસમાં પાણીની સમસ્યા ઉદભવતા ગામની મહિલાઓએ આજે પાટનગર યોજના ભવનમાં હોબાળો મચાવ્યો હતો. આખરે તંત્ર દ્વારા પાણીનો પ્રશ્ન હલ કરવાની ખાત્રી અપાયા બાદ મામલો થાળે પડયો હતો. ગામના છેવાડના વિસ્તારમાં ફોર્સથી પાણી પુરું પાડવા ડાયરેકટ સપ્લાયમાંથી લાઈન આપવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

ઉનાળાની આકરી ગરમીના દિવસો શરૂ થતા શહેરી વિસ્તારની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણીની પોકાર ઉઠવા પામી છે. જેમાં શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગટરલાઈનની કામગીરી યોગ્ય રીતે ન થતા રસ્તા સહીતની માળખગાત સુવિધાઓનો અભાવ વર્તાય છે. જયારે છાશવારે પાણીની સમસ્યા પણ ગ્રામજનો માટે મુશ્કેલીનું કારણ બને છે. બોરીજ ગામમાં પણ છેવાડાના રબારી અને રાવળ વાસમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. ચઢાવ-ઉતારવાળા આ વિસ્તારમાં પાણી ન પહોંચતા ગામની મહિલાઓએ આજે પાટનગર યોજના વિભાગમાં ધામા નાંખ્યા હતા. રબારી અને રાવળવાસની મહિલાઓએ પાણી વિભાગના તંત્ર સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે છતાં પાણી ન આવતા તેમણે પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. આ મામલે તંત્ર કક્ષાએથી પણ ગ્રામજનોની રજૂઆત સાંભળી સમસ્યાનો હલ લાવવા અભ્યાસ હાથ ધરાયો હતો. બોરીજમાં પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે બોર બનાવવાની અનિવાર્યતા છે. જયારે આગામી ગરમીના દિવસોમાં પાણીની પોકાર ડામવા તંત્ર દ્વારા ડાયરેકટ સપ્લાયની લાઈનમાંથી જોડાણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# સેકટરોના બગીચાઓમાં લાઈટો ડૂલ રહેતા અંધારપટ

## વેકેશનના દિવસોમાં સમયસર લાઈટની વ્યવસ્થા કરવા રજૂઆત : સરકારી આવાસોની લોબી અને ધાબાઓમાં પણ અંધારૂ

ગાંધીનગર, તા. ૨૫

સેકટરોમાં સ્થિત બગીચાઓમાં સાંજ ઢળતા જ અંધારૂ છવાઈ જાય છે. માત્ર વી.આઈ.પી. સેકટરો સિવાય મોટાભાગના ઉદ્યાનોમાં લાઈટની વ્યવસ્થાના અભાવે સેકટરવાસીઓ હાલાકી ભોગવી રહ્યા છે. સરકારી આવાસોની લોબી અને ટેરેશમાં પણ લાઈટની વ્યવસ્થાના અભાવે કર્મચારીઓએ હાલાકી ભોગવવી પડે છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ સેકટરોના બગીચાઓમાં લાઈટોની વ્યવસ્થા ન હોવાથી સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. વી.આઈ.પી. સેકટરો સિવાયના મોટાભાગના બગીચાઓમાં લાઈટોની વ્યવસ્થા નથી જેમાં ઘણા ખરા ઉદ્યાનોમાં બલ્બ ઉડી ગયા હોવાથી રીપ્લેસમેન્ટની કામગીરી પણ થતી નથી. ગરમીના દિવસો શરૂ થયા છે. ત્યારે વેકેશનના સમયગાળામાં બગીચાઓમાં નાગરિકોની ભીડ થતી હોય છે. નાગરિકોની પરેશાની નિવારવા આ વ્યવસ્થા ત્વરિત કરવી જોઈએ. આ ઉપરાંત સરકારી આવાસોમાં ભાડુ ચુકવીને રહેતા કર્મચારીઓને લોબી તેમજ ધાબાના ભાગે લાઈટની સુવિધા ઉપલબ્ધ ન થતા સરકારી રહેણાંકના નાગરિકોને હાલાકી ભોગવવી પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

# મહાનુભાવોની પ્રતિમા નીચે તેમનો સંદેશો મુકવા મહામંડળની માંગ

## મહાનુભાવોની પ્રતિમાઓની નિયમિત સફાઈ પણ થતી નથી

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં વિવિધ પાંચ સ્થળોએ સ્થિત મહાનુભાવોની પ્રતિમાની સફાઈ નિયમિત રૂપે થતી નથી, જયારે આ તમામ પ્રતિમાઓને લઈ મહાનુભાવોના નામ તેમજ તેમણે આપેલા સમાજ ઉપયોગી સંદેશાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. રવિશંકર મહારાજ તેમજ ગાંધીજી સહીતની પ્રતિમાઓને અનુલક્ષી સ્થળ પર સંબંધિત વિગતો અને સંદેશો મુકવાની પ્રબળ લાગણી પ્રવર્તી છે.

શહેરમાં વિવિધ ઠેકાણે તંત્ર દ્વારા મહાનુભાવોની પ્રતિમા મુકવામાં આવી છે. જેમાં ઘ-૫ સર્કલ ખાતે પૂ. રવિશંકર મહારાજ, ટાઉનહોલ સામેના સ્વર્ણિમ પાર્કના ઉદ્યાનમાં ડૉ. આંબેડકર તેમજ સચિવાલય સંકુલમાં ગાંધીજી અને સરદાર પટેલની પ્રતિમા મુકવામાં આવી છે. શહેરમાં સ્થિત આ મહાનુભાવની વિવિધ પ્રતિમાઓની નિયમિત સફાઈ કરવાની વાત વિસરાઈ ગઈ છે. માત્ર જન્મજયંતિ જેવા વિશેષ દિવસે જ આ પ્રતિમાઓની સફાઈ તેમજ ફુલહાર કરી સંતોષ માની લેવામાં આવે છે. આ મામલે સમયાંતરે પ્રતિમાઓની યોગ્ય સફાઈ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ ઉપરાંત મહાનુભાવોની પ્રતિમા નીચે તેમના જન્મ સ્થળ ઉપરાંત સમાજ ઉપયોગી સંદેશાનો પણ ઉલ્લેખ કરવો જોઈએ જેથી ભાવિ નાગરિકોને પણ મહાનુભાવોના જીવન અંગેનો સંદેશ મળી શકે. આ અંગે શહેર વસાહત મહામંડળે પણ રજૂઆત કરે છે. હાલ આ મહાનુભાવોની પ્રતિમા નીચે માત્ર ઉદ્ઘાટનની તક્તિઓ નેતાના નામ જોવા મળે છે.

# રાજયના ૨૯ જેટલા ઉચ્ચ અધિકારીઓ અન્ય રાજયોમાં ચૂંટણી ઓબર્ઝવર તરીકે જશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયના ૨૯ જેટલા ઉચ્ચ અધિકારીઓ અન્ય રાજયોમાં લોકસભા ચૂંટણીમાં ઓબર્ઝવર તરીકે જશે.

લોકસભાની ચૂંટણીઓ માટે દરેક રાજયોમાં અન્ય રાજયોમાંથી ચૂંટણી ઓબર્ઝવર તરીકે મોકલવામાં આવે છે. ગુજરાતમાંથી ૨૯ જેટલા આઈએએસ અધિકારીઓ અને આઈપીએસ અધિકારીઓને અન્ય રાજયોમાં ચૂંટણી ઓબર્ઝવર તરીકે મોકલવામાં આવનાર છે. આ માટે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીએ રાજય સરકારે ફાળવેલ અધિકારીઓના નામોની યાદી ચૂંટણી પંચને મોકલી આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અન્ય રાજયોમાંથી ગુજરાતમાં અંદાજે ૩૦થી વધુ સનદી અને આઈપીએસ અધિકારીઓ ચૂંટણી ઓબર્ઝવર તરીકે આપનાર છે.

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# દહેગામ એન્જીનીયરીંગ કોલેજના ૨૮૭ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થતાં રોષ

## કુલપતિને આવેદન પત્ર આપી પુનઃ મૂલ્યાંકન માટેની માંગણી નહિ સ્વીકારાય તો ઉપવાસ આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા. ૨૫

દહેગામ ખાતે આવેલી હસમુખ ગોસ્વામી એન્જીનીયરીંગ કોલેજના ૨૮૭ વિદ્યાર્થીઓને જી.ટી.યુ.ની પરીક્ષામાં નાપાસ જાહેર કરાતાં શિક્ષણ જગતમાં સન્નાટો વ્યાપી ગયો છે.





આજે વિદ્યાર્થીઓનું એક પ્રતિનિધિ મંડળ એન.એસ.યુ.આઈ.ના અગ્રણીઓ સાથે યુનિ.ના કુલપતિને મળી ઉત્તરવહીઓના પુનઃ મૂલ્યાંકનની માંગ કરી છે.

એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ મંત્રી સુબ્હાન સૈયદે જારી કરેલ એક અખબારી નિવેદનમાં વિદ્યાર્થીઓની લાગણીને વાચા આપતાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓને ન્યાય મળવો જ જોઈએ. તેમણે તેમના નિવેદનમાં જણાવ્યું છે કે જો વિદ્યાર્થીઓને ન્યાય નહિ

● અનુસંધાન પાન-૫ પર

# અમદાવાદ પૂર્વ લોકસભાના નાગરિકોની નિષ્ઠાપૂર્વક સેવા એ મારો સંકલ્પ મંત્ર બની રહેશે : પરેશ રાવલ

અમદાવાદ, તા. ૨૫

કર્ણાવતી મહાનગરની મીડીયા સેલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આજરોજ અમદાવાદ એરપોર્ટ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી પરેશ રાવલનું ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી પરેશ રાવલને સત્કારવા માટે એરપોર્ટ ખાતે કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઈ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખ તથા શહેર પ્રભારી શ્રી આઈ.કે. જાડેજા, શહેર પ્રમુખ શ્રી રાકેશભાઈ શાહ, કર્ણાવતી મહાનગરના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ, અમદાવાદ શહેર પૂર્વ વિસ્તારના ધારાસભ્યશ્રીઓ શ્રી જગરૂપસિંહ રાજપુત, શ્રી આર.એમ. પટેલ, શ્રી એચ.એસ. પટેલ, શ્રી વલ્લભભાઈ કાકડીયા, શ્રીમતી નિર્મલાબેન વાઘવાણી, શહેર

● અનુસંધાન પાન-૭ પર












C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com